eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 152
July 18, 2008



## ગંગા સ્નાને,યમુના  પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે

ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મ્ય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન  કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. તાપી માતા જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે (અષાઢ સુદ સાતમ) તા. ૦૯–૦૭–૦૮ ને બુધવારે સાંજે ૬–૩૦ કલાકે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટેબલ ટેનિસ, બેડમીન્ટન, વોલીબોલ સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિક દ્વારા તા. ૧૩/૦૭/૨૦૦૮ના રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્દોર સ્ટેડિયમ, અઠવાલાયન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ, કમિશનર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે વોલીબોલ, ટેબલ ટેનિસ અને બેડમીન્ટની સ્પર્ધા યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા મેડીકલ કોલેજ (સ્મીમેર) સંકુલમાં તા.૧૪–૦૭–૨૦૦૮ ના રોજ  બોયઝ હોસ્ટેલની ઉદ્ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા મેડીકલ કોલેજ (સ્મીમેર) સંકુલમાં તા.૧૪–૦૭–૨૦૦૮ના સોમવારે સવારે ૧૦–૦૦ કલાકે બોયઝ હોસ્ટેલની ઉદ્ઘાટનવિધિ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે ત્થા જાહેરબાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નીતિનભાઈ દેવપ્રસાદ ઠાકર ( ભજીયાવાળા) ના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં બાળમેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું  કરેલ આયોજન

તા. ૧૩–૦૭–૨૦૦૮ના રોજ સાઉથ ઈસ્ટ ઝોન( લિંબાયત ) માં ડીંડોલી–૨ ખાતે આવેલ શારદા હિન્દી વિદ્યાલય માં બાળમેળો  તેમજ મેડીકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં  આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## જયાપાર્વતી વ્રત(અલુણાવ્રત) નિમિતે બાગોમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતી વ્રત નિમિતે તા.૧૬/૦૭/૦૮ થી  ૨૦/૦૭/૦૮ સુધી નીચે જણાવેલ બાગોમાં સાંજે ૪–૦૦ થી રાત્રે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/નાના બાળકો/બાલીકાઓને જ દાખલ થવા દેવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હાઈડ્રોલિક વિભાગની કામગીરી

સુરત શહેરનું હદવિસ્તરણ થયા બાદ, સમગ્ર શહેરની વર્ષ ૨૦૪૧ સુધીની પાણી પુરવઠા યોજના માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં વોટર સપ્લાય માસ્ટર પ્લાન બનાવવામાં આવી રહેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય વિભાગની કામગીરી

સુરત મહનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ સંચાલિત ફેમીલીપ્લાનિંગ વિભાગ ધ્વારા તા. ૧/૪/૦૮ થી તા. ૩૦/૬/૦૮ સુધીમાં સ્ટરીલાઈઝેશન ક્ષેત્રે ૩૫૪૫ ઓપરેશન કરવામાં આવ્યા. કોપર–ટી ક્ષેત્રે ૪૫૮૮ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મહેંદી સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૫ અને ૧૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગનાં જુદા જુદા વય જૂથ પ્રમાણે સાદી મહેંદી અને અરેબિક મહેંદીના કુલ ૬(છ) વિભાગોમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા સમાવિષ્ટ વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગરપાલિકાનુ હદ વિસ્તરણ અનુક્રમે તા.૧૪–૦૨–૨૦૦૬ અને તા.૨૦–૦૭–૨૦૦૬ નાં રોજ બે તબકકામાં થયેલ છે. પરિણામે સેન્ટ્રલ ઝોન સિવાય તમામ ઝોનમાં નવા વિસ્તારોનો સમાવેશ થયેલ. આ સમાવેશ થયેલ નવા વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાએ પ્રથમ તબકકામાં આરોગ્યલક્ષી સુવિધાને પ્રાધાન્ય આપેલ છે. ત્યાર બાદ પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી, રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, સ્ટોર્મ ડ્રેનેજના કામો તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા સમાવિષ્ટ વિસ્તારમાં ડ્રેનેજ સુવિધા અંગેની કામગીરી

વેસુ– રૂંઢ, મગદલ્લા (પાર્ટ), સરસાણા (પાર્ટ) મળીને કુલ્લે ૧૧.૦૨ ચો. કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત કુલ્લે રૂા. ૪૯.૮૩ કરોડના ખર્ચે સુઅરેજ નેટવર્ક, સુએઝ પંપીંગ સ્ટેશન, રાઈઝીંગ મેઈન તથા ખજોદ ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો પ્રગતિ હેઠળ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા તરફથી આગામી ૨૯મી જુલાઈ, ૨૦૦૮ ના રોજ વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન વિસ્તારમાં, તા. ૦૯/૦૭/૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૨૧ (સરથાણા–સીમાડા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં બ્લોક નં. ૪૭, ફા. પ્લોટ નં. ૮૦ માં આવેલ સી.એચ.પાર્ક સોસાયટીના પ્લાન સુડા દ્વારા મંજુર કરવામાં આવેલ હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં સઘન દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે તા.૧૪/૦૭/૨૦૦૮ના રોજ એલ.પી.સવાણી. સ્કુલ થી રેખાપાર્ક થઈ અડાજણ ગામ ચાર રસ્તા સુધી તથા ત્યાંથી આગળ અડાજણ પાટીયા તરફ જતાં અડાજણ મેઈન રોડ ઉપર દિપા કલમ્પ્લેક્ષ –રામશા ટાવર– ધબકાર સર્કલ થઈ ઋષભ ચાર રસ્તા સુધીના રસ્તા ઉપર સઘન દબાણ ઝુંબેશ હાથ ધરેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## શહેર વિકાસ ખાતાની કામગીરી

શહેર સુરતનાં અડાજણ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૧(અડાજણ) ફા. પ્લોટ નં. ૨૬, વાળી અડાજણ પાટીયા પાસે આવેલ ફીરદોશ ટાવરના નામે ઓળખાતી હાઈરાઈઝ બિલ્ડીંગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ પાર્કીંગવાળા ભાગમાં બાંધકામ થતું હોવાન ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

ડે. કમિશનરશ્રી (જન) ની સૂચનાં તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૧૬/૦૭/૨૦૦૮ નાં રોજ નીચે મુજબનાં ડિમોલીશન કરેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

# ગંગા સ્નાને,યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મ્ય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. તાપી માતા જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે (અષાઠ સુદ સાતમ) તા. ૦૯–૦૭–૦૮ ને બુધવારે સાંજે ૬–૩૦ કલાકે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મા.મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, કમિશ્નરશ્રી કુ.એસ અપર્ણા, કલેકટરશ્રી દિલીપભાઈ રાવલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા ર્ડા. જગદીશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, એડી. સીટી ઈજનેર શ્રી વી.ડી. પટેલ, આસી. કમિશનર શ્રી સી.વાય. ભટ્ટ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સ્ભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા. અને તાપી નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી. અને શહેર માટે મંગલદાયી ભવિષ્યની વાંચ્છના કરી હતી.

TOP

## ટેબલ ટેનિસ, બેડમીન્ટન, વોલીબોલ સ્પર્ધાનું પરિણામ



સુરત મહાનગરપાલિક દ્વારા તા. ૧૩/૦૭/૨૦૦૮ના રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્દોર સ્ટેડિયમ, અઠવાલાયન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ, કમિશનર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે વોલીબોલ, ટેબલ ટેનિસ અને બેડમીન્ટની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી કૌશિકાબેન દેસાઈ, શાસક પક્ષના નેતાશ્રી ડો. જગદીશભાઈ પટેલ, ડે.કમિશનર(જન)શ્રી મહેશ સીંઘ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ. સદસ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓ તેમજ પત્રકાર મિત્રો ની ઉપસ્થિતિમાં મા.મેયરશ્રીએ ટોસ ઉછાળી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને અંતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ, ડે.કમિશનર(જન)શ્રી મહેસીંગ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા તેમજ ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલાના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| | ટેબલ ટેનિસ સ્પર્ધા | | બેડમીન્ટન સ્પર્ધા | |
|---|---|---|---|---|
| **વિજેતા** | **મેન્સ** | **વિમેન્સ** | **મેન્સ** | **વિમેન્સ** |
| **પ્રથમ** | શ્રી ધવલ પોપાવાલા | શ્રીમતી સ્મિતાબેન પટેલ | શ્રી પિયુષભાઈ ગજજર | કુ.ભામીનીબેન મહીડા |
| **દ્વિતીય** | શ્રી જતીનભાઈ વોરા | શ્રીમતી તારાબેન પુનીયા | શ્રી ભાવેશભાઈ દેસાઈ | શ્રીમતી દર્શિનીબેન કોઠીયા |

**વોલીબોલ સ્પર્ધા**

| વિજેતા | | |
|---|---|---|
| **ચેમ્પીયન** | કમિશનર "એ" ટીમ | શ્રી સુરેશભાઈ પટેલ |
| **રનર્સઅપ** | મેયર "એ" ટીમ | શ્રી શૈલેષભાઈ જરીવાલા |

આ સ્પર્ધામાં સ્કૂલ બોર્ડ તથા સુમન શાળાના શિક્ષકોએ રેફરી તથા સ્કોરર તરીકે આપી હતી તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકો /ખેલાડીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

TOP

## વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા મેડીકલ કોલેજ (સ્મીમેર) સંકુલમાં તા.૧૪–૦૭–૨૦૦૮ ના રોજ બોયઝ હોસ્ટેલની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઉમરવાડા મેડીકલ કોલેજ (સ્મીમેર) સંકુલમાં તા.૧૪–૦૭–૨૦૦૮ના સોમવારે સવારે ૧૦–૦૦ કલાકે બોયઝ હોસ્ટેલની ઉદ્દઘાટનવિધિ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે તથા જાહેરબાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નીતિનભાઈ દેવપ્રસાદ ઠાકર ( ભજીયાવાળા) ના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવી હતી ત્યાર બાદ પર્યાવરણની જાળવણીના ભાગરૂપે રાશી મુજબના વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ.



સદરહુ હોસ્ટેલની કેપેસીટી ૧૨૬ વિદ્યાર્થીઓની છે. બીલ્ડીંગનો બાંધકામ એરીયા ૫૦૧૮/૦૦ ચો.મી.( ૫૪૦૧૦/૦૦ ચો.ફુટ ) છે. જેનો કુલ ખર્ચ રૂા.૨૩૬/૧૭ લાખ થયેલ છે. યુનીટ કોસ્ટ ચોરસ મીટરે રૂા.૪૭૦૬/૪૫ ( ચો.ફુટ દીઠ રૂા.૪૩૭/૨૫ ) થયેલ છે. સદરહુ હોસ્ટેલમાં ગ્રાઉન્ડ ફલોર પર પાર્કીંગ, ડબલ હાઈટમાં કિચન / ડાઈનીંગરૂમ, તથા ઈલેકટ્રીકરૂમ તેમજ વોચમેનરૂમ અને સ્ટોર બનાવવામાં આવેલ છે. હાયર ગ્રાઉન્ટ ઉપર રેકટર કવાર્ટસ, રેકટર ઓફિસ, વિઝીટર્સ એરીયા, ટેબલ–ટેનીસ રૂમ, ટી.વી.રૂમ, તથા ટોયલેટ બ્લોકની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. બીલ્ડીંગના પ્રથમ, બીજા તથા ત્રીજા માળે દરેક માળ પર ૧૪ રૂમ વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવેલ છે. દરેક રૂમમાં ત્રણ વિદ્યાર્થીઓ રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ હોઈ, કુલ ૪૨ રૂમમાં ૧૨૬ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી શકશે. સદર હોસ્ટેલ બીલ્ડીંગમાં ૨૫૦૦૦/૦૦ લીટરની પાણીની ક્ષમતાવાળી અંડરગ્રાઉન્ડ ટાંકી તથા ૧૭૫૦૦/૦૦ લીટરની પાણીની ક્ષમતાવાળી ઓવરહેડ ટાંકીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં પદાધિકારીશ્રીઓ અને મ્યુ. સભ્યશ્રીઓએ તથા અધિકારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ અને જાહેર જનતા ઉપસ્થિત રહી હતી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં બાળમેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું કરેલ આયોજન

તા. ૧૩–૦૭–૨૦૦૮ના રોજ સાઉથ ઈસ્ટ ઝોન( લિંબાયત ) માં ડીંડોલી–૨ ખાતે આવેલ શારદા હિન્દી વિદ્યાલય માં બાળમેળો તેમજ મેડીકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. જશવંત ટી. સુથાર તથા બાળરોગ નિષ્ણાંત ડો. રાજેશ બી. પારેખ, ડો. શ્રી સંજયભાઈ સીદુરીયા(નવાનગર), ડો.શ્રી રાજેશ ખત્રી તરફથી બાળકો અને ગર્ભવતી મહિલાઓને મફત નિદાન કરી સારવાર આપી જેમાં કુલ ૩૪૭ દર્દીઓને લાભ લીધો હતો.

બાળમેળામાં વિવિધ રસીઓ આપવાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. તથા વી.બી.ડી.સી. વિભાગ દ્વારા લોહીના નમૂનાની તપાસ માટે ૧૨ જેટલી સ્લાઈડ કરવામાં આવી. તથા મચ્છરજન્ય રોગો અંગે અને હેલ્થ એન્ડ હાઈજીન અવરનેશ માટે આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી એ.એમ. પટેલ, શ્રી આર.આર. કલ્યાણી તથા આસી. જંતુનાશક અધિકારશ્રી જે.બી. પવારે જાહેર જનતાને માર્ગદર્શન પુરુ પાડયુ હતું. આ કાર્યક્રમમાં કોર્પોરેટર શ્રીમતી નયનાબેન મનીષભાઈ નાયક હાજર રહયા હતા. બાળમેળો સવારે ૯.૦૦ કલાકે શરૂ કરી ૧.૦૦ કલાક સુધી નિદાનની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. બાળમેળાનું આયોજન સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયતના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.કે. નિગમે કર્યુ હતું.

TOP

## જયાપાર્વતી વ્રત(અલુણાવ્રત) નિમિતે બાગોમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતી વ્રત નિમિતે તા.૧૬/૦૭/૦૮ થી ૨૦/૦૭/૦૮ સુધી નીચે જણાવેલ બાગોમાં સાંજે ૪–૦૦ થી રાત્રે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/નાના બાળકો/બાલીકાઓને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1 | નેતાજી સુભાષચંદ્રબોઝ ઉદ્યાન–રાંદેર | 2 | મોરારજીભાઈ દેસાઈ ઉદ્યાન–અડાજણ |
| 3 | જગદીશચંદ્રબોઝ ઉદ્યાન–અડાજણ | 4 | જયોતિન્દ્ર દવે ઉદ્યાન–જોગાણીનગર |
| 5 | કલાપી ઉદ્યાન–અડાજણ | 6 | પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઉદ્યાન–રાંદેર |
| 7 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 8 | જવાહરલાલ નહેરુ ઉદ્યાન–અઠવાલાઈન્સ |
| 9 | સ્વામી વિવેકાનંદ ઉદ્યાન–જીવકોરનગર | 10 | સિધ્ધરાજ જયસિંહ સોલંકી ઉદ્યાન– અલથાણ |
| 11 | મહારાજા અગ્રેસન ઉદ્યાન–સીટી લાઈટ | 12 | જાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉદ્યાન–ઉધના |
| 13 | શહીદ વીર ભગતસિંહ ઉદ્યાન–ત્રિકમનગર | 14 | મહારણા પ્રતાપ ઉદ્યાન– વરાછા |
| 15 | ઝવેરચંદ મેઘાણી ઉદ્યાન– વરાછા | 16 | વીર સાવરકર ઉદ્યાન– કતારગામ |
| 17 | પ્રેમાનંદ ઉદ્યાન– સીંગણપોર | 18 | ગાંધીબાગ–ચોક બજાર |
| 19 | સ્નેહ મિલન બાગ–ટીમલીયા વાડ | 20 | કવિશ્રી જયંત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 21 | સરોજીની નાયડુ ઉદ્યાન– ઉમરા | 22 | ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |

TOP

## હાઈડ્રોલિક વિભાગની કામગીરી

સુરત શહેરનું હદવિસ્તરણ થયા બાદ, સમગ્ર શહેરની વર્ષ ૨૦૪૧ સુધીની પાણી પુરવઠા યોજના માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં વોટર સપ્લાય માસ્ટર પ્લાન બનાવવામાં આવી રહેલ છે. તેના ભાગ રૂપે, કેન્દ્ર સરકારની જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JnNURM) યોજના હેઠળ શહેરના હદ વિસ્તરણ થયેલ વિસ્તાર પૈકી પ્રથમ ચરણમાં ઉત્તર ભાગના વિસ્તારની વર્ષ ૨૦૪૧ સુધીની વસ્તીની પાણીની જરૂરીયાત સંતોષવા માટે કુલ રૂા. ૧૬૭.૪૩ કરોડનો ડિટેઈલ પ્રોજેકટ રીપોર્ટ (DPR) તા.૨૯–૨–૦૮ના રોજ કેન્દ્ર સરકાર ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. આ યોજના માટે મંજુર રકમનો ૫૦% ફાળો કેન્દ્ર સરકાર, ૨૦% ફાળો રાજય સરકાર તેમજ ૩૦% ફાળો સુરત મહાનગરપાલિકાનો રહેશે. મંજુર થયેલ ડીપીઆર મુજબ સુરત શહેરના ઉત્તર ભાગમાં આવેલ મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા, કોસાડ તેમજ વરીયાવના આશરે ૧૯૫૫ હેકટર રહેણાંક વિસ્તારની વર્ષ ૨૦૪૧ સુધીની આશરે ૧૦.૪૭ લાખ વસ્તીને આવરી લેવામાં આવનાર છે. આ યોજના માટે ૨૦૦ એમએલડી ક્ષમતાનો ઈન્ટેકવેલ,૩૨ અને ૯૦ એમએલડી ક્ષમતાના ૨ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કુલ ૩૨૬ લાખ લીટર ક્ષમતાની ૪ ભૂર્ગભ ટાંકીઓ તથા કુલ ૨૯૧ લાખ લીટર ક્ષમતાની ૧૬ ઓવરહેડ ટાંકીઓ બનાવવાનું આયોજન થયેલ છે. તદઉપરાંત આ યોજના માટે આશરે ૨૧ કી.મી. લંબાઈની એમએસ ટ્રાન્સમીશન નળીકા તથા કુલ ૨૧૦ કી.મી. જેટલી લંબાઈમાં ડીઆઈ પાઈપનું બનેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક નાંખવાનું આયોજન થયેલ છે. આ સમગ્ર આયોજનની તમામ કામગીરી વર્ષ ૨૦૧૦–૧૧ સુધીમાં પૂર્ણ થશે.

આ ઉપરાંત બીજા ચરણમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકીના પૂર્વ તથા દક્ષિણ પૂર્વ વિસ્તારમાં આવેલ સરથાણા , મગોબ,સોનેરી, સીમાડા ,પૂણા ,ગોડાદરા, ડિંડોલી, ઉન, બમરોલી, વડોદ, જીઆવ વિગેરે વિસ્તારો કે જેનો વિસ્તાર ૪૦૧૦ હેકટર થાય છે તથા તેની  વસ્તી વર્ષ ૨૦૪૧ સુધીમાં આશરે ૨૦.૫૨ લાખ  જેટલી થશે તથા તેની પાણીની માંગ આશરે ૩૭૦  એમ.એલ.ડી.જેટલી થશે જેની પાણી પૂરવઠાની  સ્કીમ તૈયાર કરવાના ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી હાલમાં કન્સ્લ્ટન્ટ મલ્ટી મીડીયા કન્સ્લ્ટન્ટ પ્રા.લિ.ધ્વારા કરવામાં આવી રહેલ છે. જે પૂર્ણતાના આરે છે. જે પૂર્ણ થયેથી બનાવવામાં આવેલ ડી.પી.આર. ગુજરાત રાજય મારફત ભારત સરકાર સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત ત્રીજા ચરણમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકીના પશ્ચિમ તથા દક્ષિણ– પશ્ચિમ વિસ્તારો જેવા કે આભવા , ડુમ્મસ, ભરથાણા–વેસુ, રૂંઢ,ખજોદ, મગદલ્લા,ગવીયર, વાટા, બુડીયા, પાલ, પાલનપુર, વેસુ  વિગેરે વિસ્તારો કે જેનો વિસ્તાર ૪૮૦૦ હેકટર જેટલો થાય છે. તેની વર્ષ ૨૦૪૧ સુધીની અંદાજીત ૧૯ લાખ જેટલી વસ્તીને આશરે ૩૫૦ એમ.એલ.ડી. પાણી પુરવઠાની માંગને પહોંચી વળવા માટે  પાણી પૂરવઠાની સ્કીમ તૈયાર કરવાના ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી હાલમાં કન્સ્લ્ટન્ટ મલ્ટી મીડીયા કન્સ્લ્ટન્ટ પ્રા.લિ.ધ્વારા કરવામાં આવનાર છે. જે તૈયાર થયેથી  તે ગુજરાત રાજય મારફત ભારત સરકાર સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવશે.

આમ, સુરત શહેરના નવા સમાવિષ્ટ તમામ વિસ્તારોની વર્ષ ૨૦૪૧ સુધીની પાણી પુરવઠાની માંગને પહોંચી વળવાના જુદા જુદા પ્રકલ્પોના ડી.પી.આર. આવનારા છ માસ જેટલા સમયગાળામાં મંજુર થશે તથા તે ડી.પી.આર. મંજુર થયેથી જે તે પ્રકલ્પોના કામ હાથ ધરવામાં આવશે.

TOP

## આરોગ્ય વિભાગની કામગીરી

સુરત મહનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ સંચાલિત ફેમીલીપ્લાનિંગ વિભાગ ધ્વારા તા. ૧/૪/૦૮ થી તા. ૩૦/૬/૦૮ સુધીમાં સ્ટરીલાઈઝેશન ક્ષેત્રે ૩૫૪૫ ઓપરેશન કરવામાં આવ્યા. કોપર–ટી ક્ષેત્રે ૪૫૮૮ કરવામાં આવેલ છે. નિરોધ યુઝર્સમાં ૩૭૯૦૭ ની કામગીરી થયેલ છે. તથા ઓરલપીલ્સ યુઝર્સમાં ૭૭૦૪ કામગીરી કરેલ છે. આ તમામ કામગીરીઓ ગત જુન–૦૭ ના અંતિતમાં અનુક્રમે સ્ટરીલાઈઝેશનર–૨૭૦૨, કોપર–ટી–૪૩૨૩, નિરોધ યુઝર્સ –૩૧૬૬૭, ઓરલપીલ્સ –૭૫૪૯ ની કામગીરી થયેલ હતી. આ ચાલુ વર્ષ દરમ્યાન ગત વર્ષની સરખામણીએ ઉપરોકત તમામ કામગીરીમાં પ્રગતિ જોવા મળેલ છે.

વધુમાં સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ સ્ત્રી નસબંધી અન્વયે એ.પી. એલ.ને રૂા. ૨૬૦/– તથા બી.પી.એલ.ને રૂા. ૬૧૦/– તથા પુરુષ નસબંધી કરાવનાર લાભાર્થીઓને રૂા. ૧૧૧૦/– કેશ કોમ્પેનશેસન આપવામાં આવે છે.

સરકારશ્રી ધ્વારા હાલમાં નીચે મુજબની ત્રણ યોજનાઓ કાર્યરત છે.

### (૧) ચિરંજીવી યોજના :–

આ યોજનાનો મુખ્ય હેતુ માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા તેમજ ગરીબી રેખા હેઠળ નાં (બીપીએલ) કુટુંબની સગર્ભા બહેનોને હોસ્પિટલ માં પ્રસુતિ કરાવવા પ્રોત્સાહન આપવાનો છે. આ યોજનાનો લાભ ૧૯ વર્ષ થી વધુ ઉંમરની ગરીબી રેખા હેઠળની પ્રસુતા માતા ને આપવામાં આવેલ છે. આ યોજનાનો લાભ શહેરનાં ૭૦ ખાનગી પ્રસુતિગૃહો માં મળે છે. કે જેઓ આ યોજનામાં જોડાયેલા છે. જુન ૦૮ અંતિત આ યોજના માં કુલ ૫૯૦ ડિલીવરી થયેલ છે. અને તે પેટે રૂા. ૯,૮૧,૬૦૦/– નો ખર્ચ પ્રોત્સાહન રૂપે ચૂકવવામાં આવેલ છે.

### (૨) જનની સુરક્ષા યોજના :–

આ યોજનાનો હેતુ માતા મૃત્યુદર ઘટાડવા તેમજ ગરીબી રેખા હેઠળનાં ( બી.પી.એલ.)કુટુંબની સગર્ભા બહેનો ને હોસ્પિટલમાં પ્રસુતિ કરાવવા પ્રસુતિ પ્રોત્સાહન આપવાનો છે. આ યોજનાનો લાભ બે જિવીત જન્મ સુધી જ આપવામાં આવે છે. તથા આ યોજના નાં લાભાર્થી ને રૂા. ૬૦૦/– ની રોકડ સહાય આપવામાં આવે છે. જુન ૮ અંતિત આ યોજના હેઠળ ૬૬ લાભાર્થી રૂા. ૩૯,૬૦૦/– ની રોકડ સહાય આપવામાં આવેલ છે.

### (૩) દિકરી યોજના :–

આ યોજના નો મુખ્ય હેતુ વધતી જતી વસ્તી નો વધારો અટકાવવા માટે તથા દીકરા અને દીકરી વચ્ચેનો ભેદભાવ દુર કરવા માટેનો છે. ફકત ૧ દિકરી પર નસબંધી ઓપરેશન કરાવનારને રૂા. ૬૦૦૦/– ના એનએસસી તથા ફકત ૨ દીકરી પર નસબંધી ઓપરેશન કરાવનારને રૂા. ૫૦૦૦/–ના એનએસસી આપવામાં આવે છે. જે મુજબ જૂન ૨૦૦૮ અંતિત થયેલ ૧ દિકરીવાળા લાભાર્થી –૪ તથા ફકત ૨દસરી પર નસબંધી કરાવનાર ૨૭ મળી કુલ ૩૧ લાભાર્થી ઓને રૂા. ૧,૫૯,૦૦૦/– નાં એનએસસી આપવામાં આવેલ છે.

TOP

## મહેંદી સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત નિમિત્તે તા.૧૫ અને ૧૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગનાં જુદા જુદા વય જૂથ પ્રમાણે સાદી મહેંદી અને અરેબિક મહેંદીના કુલ ૬(છ) વિભાગોમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતીબેન કોઠીયા, રૂગ્ણાલયો, વૈદ્યકીય રાહત અને તદુંરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલા, સાંસ્કૃતિક સમિતિના સદ્સ્યશ્રીઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કરી મહેંદી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિકમાં–૧૮૪ બાલિકાઓ, માધ્યમિકમાં–૧૭૯ કન્યાઓ અને ખુલ્લા વિભાગમાં–૧૫૬ યુવતીઓ મળી કુલ–૫૧૯ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**પ્રાથમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| **પ્રથમ** | સુચિતા એસ.પીંપલકર | પવાર નેહા જયવંતભાઈ |
| **દ્વિતિય** | ભાવિકા એન. કાકલોતર | અર્શિયાખાતુન મો. સાદિકખાન |
| **તૃતિય** | જાનવી દિનેશભાઈ શિરાવાલા | પટેલ અવનીબેન રમેશભાઈ |
| **આશ્વાસન** | પૂજા સંજયકુમાર જરીવાલા | સિદ્દીકી શનાપરવીન મહેબૂબ અહમદ |
| **..''..** | મનિષા કમલેશભાઈ સુથાર | શેખ અસ્માખાતુન એ. |
| **..''..** | સોની નેહા ભરતભાઈ | ઠુંમર અર્પિતા પ્રવિણભાઈ |
| **..''..** | કુરેશી ઉમ્મેહાની મહંમદ આરીફલાલ | પરોણાવાલા કોમલ એન. |
| **..''..** | આશિયાબાનું મહંમદ સલીમ શેખ | કાલરીયા પાયલ રમેશભાઈ |

**માધ્યમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| **પ્રથમ** | મૈસુરિયા ઉર્વીકુમારી ભરતભાઈ | શેખ તનવીર નુર મોંહમદ |
| **દ્વિતીય** | મોદી કૃતિ યોગેશકુમાર | પાંડવ નિમિષા દેવરાજભાઈ |
| **તૃતીય** | મંદિરવાળા અંજલિ સુનિલભાઈ | ખાન નૈરીન ફીરોજખાન |
| **આશ્વાસન** | રત્નવારખે મયુરી કિશન | રાજ અફસાના રહીમભાઈ |
| **..''..** | આભા અનિલકુમાર જમાદાર | અંજીરવાળા ચાર્મી ઉમેશકુમાર |
| **..''..** | કેદારે પ્રિયા વિજય | રાજ શબનમ એહમદ |
| **..''..** | ઈટવાલા શાયરા મોહમ્મદ સલીમ | ગોટાવાલા વૈષ્ણવી નીલેશકુમાર |
| **..''..** | પટેલ હુશના યુસુફભાઈ | રાણા મનિષા હરિશકુમાર |

**ખુલ્લો વિભાગ**

| **વિજેતા** | **સાદી મહેંદી** | **અરેબિક મહેંદી** |
|---|---|---|
| **પ્રથમ** | નેહા ભદ્રેશકુમાર એન્જીનીયર | સોનલ દાનજીભાઈ ચૌહાણ |
| **દ્વિતીય** | ગાંધી ભામિની ઈશ્વરલાલ | મીરલ ચંદ્રકાંતભાઈ પટેલ |
| **તૃતિય** | દર્શના ધર્મેશકુમાર પ્રેસવાલા | જયોતી એસ. સરતાનપરા |
| **આશ્વાસન** | પૂનમ તૃષારકુમાર ઘડિયાળી | સોનલ પ્રભુભાઈ પટેલ |
| **..''..** | ભાવિષા નિમેશકુમાર વૈદ્ય | પ્રીતી હિતશકુમાર ગાંધી |
| **..''..** | રીન્કુ શૈલેષકુમાર ઘાએલ | રાજલબેન કલ્પેશભાઈ ચાંપાનેરીઆ |
| **..''..** | સ્વાતિ દેવેન્દ્રકુમાર મોદી | સીદી અફસરજહાં ફકીર મોહંમદ |
| **..''..** | બમન રીટાબેન ઉમેશકુમાર | કાઝી અસ્મા નશીર |

**આ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને મા.ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતીબેન કોઠીયા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલા તથા સાંસ્કૃતિક સમિતિના સદ્સ્યશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી હરિનભાઈ દલાલ, શ્રીમતી વર્ષાબેન એમ. શાહ, શ્રીમતી પુનમબેન સોલંકી, શ્રીમતી શ્વેતાબેન ડી. શાહ, શ્રીમતી રીતીબેન એ.જોષી, શ્રીમતી શિલ્પાબેન જે. સોલંકીએ સેવા આપી હતી.**



**TOP**

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ આજે તા:૧૨/૦૭/૨૦૦૮ ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર, બાળાશ્રમ પાસે, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૦૨–૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રીમતિ. કૌશીકાબેન દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી. જગદીશભાઈ પટેલ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી.જે.પી.શાહ, રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરમેનશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળા, ઉપાધ્યક્ષ શ્રીમતિ. ગીતાબેન પટેલ, લાઈટ અને ફાયર સમિતિનાં અધ્યક્ષશ્રી.નિરંજનભાઈ ઝાંઝમેરા, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, ડે.કમિશ્નરશ્રી(પ અને ઈ) સી.જે.ગામીત, આરોગ્ય અધિકારીશ્રી.ડો.હેમંત દેસાઈ, ઝોનલ ઓફીસરશ્રી.જે.એમ.ચૌહાણ, મ્યુ.સદસ્ય શ્રી.વિનોદભાઈ મોરડીયા, શ્રી,સતિષભાઈ પટેલ, શ્રીસોમાભાઈ પટેલ, શ્રીમતિ,રેણુકાબેન શાહ, શ્રીમતિ,સ્મીતાબેન પટેલ, પ્રભાબેન તરસરીયા, કતારગામઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્ર પટેલ, પ્રોજેકટ ઓફીસર (પીએસએચ) ડો.એચ.કે.સોંધરવા, સ્મીમેર હોસ્પિટલના જુદા–જુદા રોગના તજજ્ઞો, કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,પેરામેડીકલ સ્ટાફ તથા કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલે હાજર રહેલ મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમ સબંધી જાણકારી આપી હતી.સુરત મહાનગરપાલિકા દ્વારા ઘર આંગણે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હોઈ કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શનનો લાભ લઈ સ્વાસ્થ્ય સંબધી જાણકારી મેળવી તેનું પાલન કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી,જયપ્રકાશ શાહે ચાલુ ચોમાસાની ઋતુ દરમ્યાન થતા રોગો અને તેને અટકાયત અંગે મે.કમિશનરશ્રીનાં નેતૃત્વ હેઠળ આવા કેમ્પો યોજાય તે ખુબજ પ્રસંશનિય છે. ગત સપ્તાહમાં રાંદેરઝોનમાં રાખવામાં આવેલ કેમ્પમાં ગરીબ / સ્લમ વિસ્તારનાં નાગરીકોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો. છેલ્લા વર્ષોમાં શહેરમાં રોગચાળાનું પ્રમાણ સતત ઘટતુ જોવા મળેલ છે. જેમાં આવા કેમ્પો દ્વારા નાગરીકોને સ્વાસ્થ્ય સબંધી જાણકારી મળે તો રોગચાળાનું પ્રમાણ નહીવત રહેવા પામશે એવી આશા વ્યકત કરી હતી.

રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરમેનશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળાએ " નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ " નિમિત્તે સુરત મહાનગરપાલિકાએ તમામ ઝોનમાં આવા ગરીબ / સ્લમ વિસ્તારનાં નાગરીકોને વિના મૂલ્યે નિદાન / સારવાર મળી રહે તે માટે આવા કેમ્પોનું આયોજન કરેલ છે જે ખુબજ પ્રશસંનિય છે. આવા કેમ્પોનાં આયોજનથી લાભાર્થીઓને ઘર આંગણે નિષ્ણાંત તબિબો દ્વારા પ્રાથમિક તબકકેજ રોગોનું નિદાન થવાથી રોગચાળો ડામી શકાય છે.

શાસક પક્ષનાં નેતાશ્રી,ડો.જગદીશભાઈ પટેલએ જણાવ્યુકે, કોઈ પણ રાષ્ટ્ર કે રાજય નાગરીકોનું સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે.આ વર્ષ ગુજરાત સરકારે " નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ " નાં વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ છે જેનો અર્થ સમગ્ર ગુજરાતનાં લોકો સ્વસ્થ અને નિરોગી રહે તથા આવનાર નવી પેઢી નિરોગી અને તંદુરસ્ત રહે. આવેલ તમામ લાભાર્થીઓને નિષ્ણાંત તબીબો દ્વારા વિના મૂલ્યે સારી સારવાર મળી રહે તથા તેઓ જલ્દી સારવાર મળવાનાં કારણે પોતાનું સ્વાસ્થ્ય / તંદુરસ્તી પાછી મેળવે એવી શુભેચ્છા વ્યકત કરી હતી.

ડે.મેયરશ્રીમતિ. કૌશીકાબેન દેસાઈએ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા આરોગ્ય વિભાગનાં / અધિકારી / કર્મચારીઓને અભિનંદન આપતા જણાવ્યુ હતુકે, ગરીબ / સ્લમ વિસ્તારનાં નાગરીકોને આરોગ્ય લક્ષી સેવાઓ આપવામાં સતત પ્રયત્ન શીલ રહે છે. આવા કેમ્પો પણ તેનો એક ભાગ છે. મોટે ભાગે નાગરીકોનાં માનસ પર એવી છાપ હોય છે કે સરકારી દવાખાનામાં મળતી સારવાર સારી હોતી નથી પરંતુ ખરેખર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલ / શહેરી આરોગ્ય કેન્દ્રો / આવા કેમ્પોમાં નિષ્ણાંત તબીબો દ્વારાજ નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો બહોળો લાભ લેવા માટે નાગરીકોને અનુરોધ કર્યો હતો.

મેડીકલ કેમ્પનો કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રનાં આસપાસ વિસ્તારના કુલ ૪૨૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૩૯,ચામડીના નિષ્ણાત દ્વારા ૭૪,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૨,બાળરોગ નિષ્ણાત  દ્વારા ૩૪,ફિઝીશ્યન દ્વારા ૬૭,સર્જન દ્વારા ૧૧,એસ.ટી.ડી.૧૧ અને અન્ય ૪૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૦૩ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૭ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૧૪૮ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય વિભાગના વિવિધ ખાતા દ્વારા પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ,ટી.બી., મેલેરીયા વિગેરે રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી,૪૮૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોના લાર્વી(પાણીમાં થતા પોરા) તેમજ તેના નાશ માટે પાણી ભરાવાની,સ્વચ્છતા બાબતની અને ગપ્પી–ગમ્બ્યુસીયા નામની માછલીના ઉપયોગ કરવા અંગેનું નિર્દેશન સ્થળ પર કરી બતાવવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૭૫,ગર્ભ નિરોધક ૦૨ પેકેટનું વિતરણ કરી,કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૫૫૦ આર્યન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૬ નાના બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતુ.૨૦૦૦ પાણીમાં નાખવાની કલોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. પ્રચાર એકમ મારફતે ઓડીયો વિઝયુઅલ દ્વારા આરોગ્ય લક્ષી જાણકારી આપવામાં આવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા સમાવિષ્ટ વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગરપાલિકાનુ હદ વિસ્તરણ અનુક્રમે તા.૧૪–૦૨–૨૦૦૬ અને તા.૨૦–૦૭–૨૦૦૬ નાં રોજ બે તબકકામાં થયેલ છે. પરિણામે સેન્ટ્રલ ઝોન સિવાય તમામ ઝોનમાં નવા વિસ્તારોનો સમાવેશ થયેલ. આ સમાવેશ થયેલ નવા વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાએ પ્રથમ તબકકામાં આરોગ્યલક્ષી સુવિધાને પ્રાધાન્ય આપેલ છે. ત્યાર બાદ પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી, રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, સ્ટોર્મ ડ્રેનેજના કામો તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. કેટલાક પ્રોજેકટો ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે. નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ડ્રેનેજ, સ્ટ્રોર્મ ડ્રેનેજ તથા પાણીની કામગીરી તાકીદે હાથ ધરવાની જરૂર હતી. ત્યાં JnNURM યોજના હેઠળ કામગીરી શરૂ કરવામાં આવેલ છે. JnNURM યોજના હેઠળ સ્ટ્રોમ ડ્રેનેજ તથા પાણીના D.P.R. રાજય સરકાર મારફતે કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવેલ તે મંજુર કરવામાં આવેલ છે. આમ મહાનગરપાલિકા દ્વારા નવા સમાવિષ્ટ વિસ્તારોના વિકાસ માટે પુરતુ ધ્યાન કેન્દ્રીત કરી આયોજનબધ્ધ રીતે વિકાસ કામગીરી કરવામાં આવેલ છે.

ઝોન વાઈઝ નવા વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરી – ભાવિ આયોજનની વિગત

### કતારગામ ઝોન :–

કતારગામ ઝોનમાં બે વખતના હદ વિસ્તરણ પછી અમરોલી, છાપરાભાઠા, ગણેશપુરા, કોસાડ અને ઉતરાણ વિસ્તારનો સમાવેશ થયેલ છે. આ વિસ્તારોમાં રૂા.૧૪૧.૮૫ લાખના ખર્ચે ૫૬૦૦ મીટરના મેટલગ્રાઉટીંગના રસ્તાના કામો પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત રસ્તાના કારપેટ/રીકારપેટના ૧૦૯૦૦ મીટરના કામો રૂા.૪૦૨.૪૨ લાખના ખર્ચે ૮ જેટલા વિસ્તારોમાં કામગીરી પૂર્ણ થયેલ છે. તેમજ અન્ય ૧૦ વિસ્તારોમાં કામગીરી ચાલુ છે. આ ઉપરાંત નવા વિસ્તારોમાં મેટલ ગ્રાઉટીંગના કામો પ્રગતી હેઠળ છે. આ ઉપરાંત JnNURM યોજના હેઠળ મેટલ ગ્રાઉટીંગના ૧૨૫૦૦ મીટરના રૂા.૩૩૭.૯૭ લાખના કામો તથા ૭૫૦૦ મીટરના કારપેટ/રીકારપેટ અંગેના કામો રૂા.૩૪૯.૮૧ લાખના ખર્ચે કરવામાં આવનાર છે.

સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ૨૫૦૮ મીટર લંબાઈની રૂા.૨૧.૯૮ લાખના ખર્ચે પાણીની નળીકા નાંખવાના કામો પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત ઝોનના વિવિધ વિસ્તારમાં અંદાજે ૯૦ લાખના ખર્ચે પાણીની નળીકા નાંખવાના કામોનુ આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સ્ટ્રોર્મ ડ્રેનેજ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં રૂા.૩૭.૪૬ લાખના ખર્ચે ૨૦૦ મીટર લંબાઈની સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈનના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે અન્ય વિસ્તારોમાં કામગીરી પ્રગતી હેઠળ છે. JnNURM યોજના હેઠળ રૂા.૧૨૬.૪૬ લાખના ખર્ચે ૪૧૮૦ મીટરની સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈનની કામગીરી આયોજન હેઠળ છે.

ડ્રેનેજ (મફત જાજરૂ) : નવા સમાવિષ્ટ વિસ્તારોમાં રૂા.૧૮.૩૭ લાખના ખર્ચે ૬૯૨ મફત જાજરૂ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

લાઈટ વિભાગ :– નવા સમાવિષ્ટ વિસ્તારોમાં જાહેર રસ્તા પર રૂા.૧૬.૭૩ લાખના ખર્ચે ૧૭૧ સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારોમાં રૂા.૧૬૪.૨૧ લાખના ખર્ચે ૭૭૬ સ્ટ્રીટ લાઈટ નાખવાના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

હાઉસીંગ : નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ટ્રાન્સફરટેશન પ્લેટફોર્મ, ઓફિસ, આંગણવાડી, ચેનલીંગ, સીટી સીવીક સેન્ટર તેમજ ફાયર સ્ટેશન – સ્ટાફ કવાટર્સના કામો રૂા.૧૮૮.૮૦ લાખના

ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. રૂા.૧૮૪.૨૩ લાખના ખર્ચે હેલ્થ સેન્ટર, પ્રાથમિક શાળા, ફાયર સ્ટેશન, સ્ટાફ કવાટર્સ બનાવવાના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

## અઠવા ઝોન

અઠવા ઝોનમાં બે વખતના હદ વિસ્તરણ પછી ભીમરાડ, સરસાણા, ખજોદ, ભરથાણા, વેસુ, આભવા, રૂંઢ, મગદલ્લા, ગવીયર, વાટા, ડુમસ, ભીમપોર, સુલતાનાબાદ વિસ્તારનો સમાવેશ થયેલ છે.

હાઉસીંગ વિભાગમાં  અંદાજે રૂા.૧૪ લાખના ખર્ચે જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજનના શેડ, તેમજ ટી. પી. ના પ્લોટમાં ફેન્સીંગનુ કામ, કોમ્યુનીટી હોલમાં ગ્રીલ બનાવવાના કામો પૂર્ણ થયેલ છે. રૂા.૩૩૭ લાખના ખર્ચે પ્રાથમિક શાળાઓ, મ્યુ. મીલકતોની મરામત, મગદલ્લા ફાયર સ્ટેશન, સીટી સીવીક સેન્ટર બનાવવાના કામોનું આયોજન હાથ ધરેલ છે.

ભરથાણા ગામથી કોલેજ, ડુમસ રોડ, સુલતાનાબાદ, વગેરે વિસ્તારમાં મેટલ ગ્રાઉટીંગ, પેચ કામ, સ્ક્રેપીંગ, રોડ કારપેટ બનાવવાના કામો રૂા.૬૩૦/– લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ વિવિધ વિસ્તારોમાં રૂા.૬૮૭/– લાખના ખર્ચે મેટલ ગ્રાઉટીંગ, ટ્રેન્ચ રીપેરીંગના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સ્ટ્રીટ લાઈટ : નવા સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારોમાં અંદાજે રૂા.૧૦૨ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અંગેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે રૂા.૧૧૬ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અંગેની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

પાણી :– નવા સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારોમાં રૂા.૯ લાખના ખર્ચે પાણીની લાઈટ શીફટીંગ, લીકેજો દુર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે રૂા.૨૭ લાખના ખર્ચે વિવિધ સોસાયટીઓમાં આંતરીક રસ્તા પર પાણીની નળીકા નાંખાવના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

ડ્રેનેજ :– નવા સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારોમાં રૂા.૧૮ લાખના ખર્ચે ડ્રેનેજ લાઈન ચોકીંગ દુર કરવાની કામગીરી, સોર્સ ખાડાવાળા શૌચાલયો બનાવવાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે રૂા.૩૪ લાખના ખર્ચે વિવિધ વિસ્તારોમાં સોર્સ ખાડાવાળા શૌચાલયો, પે એન્ડ યુઝ ટોયલેટ, બનાવવાના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સ્ટ્રોમ ડ્રેનેજ :– નવા સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારોમાં રૂા.૩૫૫ લાખના ખર્ચે સ્ટ્રોર્મ ડ્રેનેજ અંગેના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.  જયારે રૂા.૨૭૨૫ લાખના ખર્ચે વિવિધ વિસ્તારોમાં સ્ટ્રોર્મ ડ્રેનેજ અંગેના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

## વરાછા ઝોન

વરછા ઝોનમાં બે વખતના હદ વિસ્તરણ પછી પુણા, સીમાડા, સરથાણા, મોટા વરાછા વિસ્તારનો સમાવેશ થયેલ છે.

નવા સમાવિષ્ટ વિસ્તારોમાં અંદાજે ૩૨૮૫૭ મીટર રસ્તાના અંદાજે રૂા.૫૯૨૦ લાખના ખર્ચે મેટલ ગ્રાઉટીંગ, કારપેટ/રીકારપેટના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે ૨૮૯૯૪ મીટરના રૂા.૯૬૬૨ લાખના ખર્ચે વિવિધ વિસ્તારોમાં રસ્તાઅંગેના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. હાઉસીંગ વિભાગ ધ્વારા નવા વિસ્તારોમાં રૂા.૪૩ લાખના ખર્ચે જુદી જુદી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે રૂા.૮૦/–લાખના વિવિધ કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સ્ટ્રીટ લાઈટ :– મહાવીર ચેક પોસ્ટથી શયામધામ વાળા તેમજ ભીડભંજન સોસાયટી વિસ્તારમાં રૂા.૮ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અંગેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જયારે સરથાણા મોટા વરાછા, પૂણા સીમાડાના આંતરીક રસ્તા પર રૂા.૪૩ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અંગેની કામગીરી કાર્યરત છે. રૂા.૧૦૩ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અંગેની વિવિધ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સ્ટ્રોમ ડ્રેઈન :– પુણા, સીમાડા, સરથાણા વિસ્તાર માટે સ્ટ્રોમ વોટર બોક્ષ/પાઈપ ડ્રેઈનના કામો રૂા.૩૯૦૩/– લાખના ખર્ચે કામગીરી કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. અંદાજે ૧૨૧૬ હેકટર વિસ્તારમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત અન્ય વિસ્તારોમાં રૂા.૫૫૦૨ લાખના ખર્ચે સીમાડા વિસ્તાર, પુણા વિસ્તારમાં સ્ટ્રોમ ડ્રેઈન અંગેનું આયોજન કરવામાં આવેલ છે. સ્ટ્રોર્મ ડ્રેઈનેજ અંગે આ વિસ્તાર માટે ૫ (પાંચ) પેકેજ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે.

## ઉધના ઝોન :–

ઉધના ઝોનમાં બે વખતના હદ વિસ્તરણ પછી ઉન, બમરોલી, વડોદ, સોનારી, જીઆવ, ગભેણી, તથા બુડીયા વિસ્તારનો સમાવેશ થયેલ છે. સમાવિષ્ટ નવા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા જેવી કે રસ્તા, લાઈટ, પીવાના પાણી, ડ્રેનેજની સુવિધાઓ નગરપાલિકા તરફથી પુરી પાડેલ છે. જેનો નિભાવ અને જાળવણી કરવામાં આવે છે. પ્રાથમિક સુવિધા અંતર્ગત રૂા.૧૫૮ લાખના ખર્ચે રસ્તા, રૂા.૬ લાખના ખર્ચે પાણી, રૂા.૧૧ લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ, રૂા.૩૦ લાખના ખર્ચે સ્ટ્રોર્મ ડ્રેઈનેજ, રૂા. ૩૫ લાખના ખર્ચે હાઉસીંગ અંગેની સુવિધાઓ પૂર્ણ કરવામાં આવેલ છે.

## રાંદેર ઝોન :

રાંદેર ઝોનમાં બે વખતના હદ વિસ્તરણ પછી પાલ, પાલનપુર અને વરીયાવ વિસ્તારનો સમાવેશ થયેલ છે. આ વિસ્તારમાં અંદાજે રૂા.૬૦ લાખના ખર્ચે મેટલ ગ્રાઉટીંગના કામો પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત રૂા.૩૧ લાખના કામો ચોમાસા બાદ કાર્યરત થશે. રોડ વાઈડનીંગના કામોમાં રૂા.૧૦૩ લાખના કામો ઉપરાંત રૂા.૨૦ લાખના ખર્ચે પાલનપુર ગામ વિસ્તારમાં મેટલ ગ્રાઉટીંગનું કામ, રૂા.૨૭ લાખના ખર્ચે કેનાલ રોડને મેટલ ગ્રાઉટીંગનું કામ પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત લોક ભાગીદારીથી ૨૪ મીટર પહોળાઈના રસ્તાને મેટલ ગ્રાઉટીંગ કરવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. રૂા.૧૩૭ લાખના મેટલ ગ્રાઉટીંગના કામો આયોજન હેઠળ છે.

સ્ટ્રીટ લાઈટ : નવા સમાવિષ્ટ વિસ્તારોમાં અંદાજે રૂા.૨૦ લાખના સ્ટ્રીટ લાઈટ અંગેના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે અંદાજે રૂા.૨૦ લાખના કામો પ્રગતિ હેઠળ છે. જયારે નવા સમાવિષ્ટ વિસ્તારમાં અંદાજે રૂા.૪૩ લાખના સ્ટ્રીટ લાઈટ અંગેના કામોનુ આયોજન કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ નવા સમાવિષ્ટ વિસ્તારમાં ડ્રેનેજ સુવિધા અંગેની કામગીરી

**અઠવા ઝોન :–**

વેસુ– રૂંઢ, મગદલ્લા (પાર્ટ), સરસાણા (પાર્ટ) મળીને કુલ્લે ૧૧.૦૨ ચો. કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત કુલ્લે રૂા. ૪૯.૮૩ કરોડના ખર્ચે સુઅરેજ નેટવર્ક, સુએઝ પંપીગ સ્ટેશન, રાઈઝીંગ મેઈન તથા ખજોદ ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો પ્રગતિ હેઠળ છે, જે પૈકી ૪૦% જેટલી કામગીરી પૂર્ણ  થયેલ છે અને બાકી ની કામગીરી અંદાજે જાન્યુઆરી –૦૯ સુધીમાં પૂર્ણ થનાર છે.

સરસાણા (પાર્ટ), ગવીયર, મગદલ્લા(પાર્ટ), ખજોદ, ભીમરાડા, અભાવા,વાટા, સુલતાનાબાદ અને ડુમસ વિસ્તારની ટી.પી.સ્કીમ અને ગામતળ મળીને કુલ્લે ૨૪.૭૦ ચો.કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત આ વિસ્તારમાં ડ્રેનેજ સુવિધા પુરી પાડવાનનો ડીટેઈલ પ્રોજેકટ રિપોર્ટ ઓકટોબર–૦૮માં સરકારશ્રીમાં રજુ કરવામાં આવનાર છે.

**રાંદેર ઝોન :–**

પાલ તથા પાલનપુર વિસ્તારની ટી.પી. સ્કીમ  અને ગામતળ મળીને કુલ્લે ૯.૪૦ ચો.કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજાના અંતર્ગત કુલ્લે રૂા. ૩૧.૯૨  કરોડના ખર્ચે  સુએરેજ નેટવર્ક, સુએઝ પંપીગ સ્ટેશન, રાઈઝીંગ મેઈન તથા રસારમા ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો પ્રગતિ હેઠળ છે, જે પૈકી ૫૦% જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકીની કામગીરી અંદાજે જાન્યુઆરી –૦૯ સુધીમાં પૂર્ણ થનાર છે.

**વરાછા ઝોન :–**

સરથાણા, સીમાડા, પૂણા અને મગોબ વિસ્તારની ટી.પી.સ્કીમ અને ગામતળ મળીને કુલ્લે ૧૨.૧૬ ચો.કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત કુલ્લે રૂા.૧૧૦.૬૫ કરોડના ખર્ચે સુઅરેજ નેટવર્ક, સુએઝ પંપીગ સ્ટેશન, રાલઝીંગ મેઈન તથા ડીંડોલી ખાતે ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામોના ટેન્ડરો મંગાવી લેવામાં આવેલ છે.

**કતારગામ ઝોન :–**

અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉતરાણ, મોટાવરાછા, વરીયાવ વિસ્તારની ટી.પી. સ્કીમ અને ગામતળ મળીને કુલ્લે ૧૯.૫૫ચો.કિ.મી. વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત કુલ્લે રૂા. ૧૮૪.૦૪ કરોડના ખર્ચે સુઅરેજ નેટવર્ક, સુએઝ પંપીગ સ્ટેશન, રારાઈઝીંગ મેઈન તથા ડીંડોલી ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામોના ટેન્ડરો મંગાવી  લેવામાં આવેલ છે.

**લિંબાયત ઝોન :–**

પર્વત, ગોડાદરા, ડીંડોલી વિસ્તારની ટી.પી. સ્કીમ અને ગામતળ મળીને કુલ્લે ૯.૦૧ ચો.કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંતર્ગત આ વિસ્તારમાં ડ્રનેજ સુવિધા પૂરી પાડવાનો ડીટેઈલ પ્રોજેકટ રિપોર્ટ જુલાઈ–૦૮ માં સરકારશ્રીમાં રજુ કરવામાં આવનાર છે.

**ઉધના ઝોન :–**

ઉન, બમરોલી, વડોદ, સોનારી, જીઆવ, બુડીયા, ગભેણી વિસ્તારની ટી.પી.સ્કીમ અને ગામતળ મળીને કુલ્લે ૧૬.૨૦ ચો.કિ.મી. રેસીડેન્સીયલ વિસ્તારમાં JnNURM યોજના અંર્ગત આ વિસ્તારમાં  ડ્રેનેજ સુવિધા પૂરી પાંડવાનો ડીટેઈલ પ્રોજેકટ રિપોર્ટ ઓગષ્ટ–૦૮ માં સરકારશ્રીમાં રજુ કરવામાં આવનાર છે.

TOP

## ગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા તરફથી આગામી ૨૯મી જુલાઈ, ૨૦૦૮ ના રોજ વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાશે. જેમાં સુરત શહેરની હદમાં આવેલ શાળાના વિધાર્થીઓ /વિધાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધા ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ મુગલીસરા, સુરત મહાનગરપાલિકા ની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત, સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૨૩/૦૭/૨૦૦૮ રાખવામાં આવી છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૯/૦૭/૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં કતારગામ ગામતળ માં વિસ્તારમાં, કહાન ફળીયામાં આવેલ માધવ કોમ્પલેક્ષમાં, મંજુર પ્લાન વિરૂધ્ધનું ગ્રાઉન્ડ ફલોર લેવલે પાર્કીગવાળા ભાગમાં દબાણ કરી બાંધકામ કરેલ, જેમાં વસવાટ કરનારને નિયમોનુસારની નોટિસ આપી, તા. ૦૯/૦૭/૨૦૦૮ના રોજ વસવાટ ખાલી કરાવી, બાંધકામ દુર કરી, લગભગ ૬૬૦ ચો.ફુટ જેટલી જગ્યા પાર્કીગ માટે ખુલ્લી કરેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી) માં આવેલ ઈશ્વરમોતી ઈન્ડસ્ટ્રીયલમાં, ગ્રઉન્ડ ફલોર લેવલની હયાત દુકાન પર આર.સી.સી.સ્લેબ ભરવાના ઈરાદે પ્રથમ માળે અંદાજે ૫૦૦ ચો.ફુટનો ગેરકાયદેસર બાંધકામવાળો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા) ની કામગીરી

(૧) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ મોજે પુણા સીમાડા રોડ પર ૮૦ ફુટના ટી.પી.રસ્તા પર આવેલ વૃંદાવન ખાતે સોસાયટીના ટી.પી. રસ્તાના માર્જીનમાં તથા સોસાયટીની માર્જીનની ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર શ્રી મનસુખભાઈ નાનજીભાઈ નાકરાણી તથા વિનુભાઈ પરસોત્તમભાઈ ધાનાણી વિગેરે તરફથી કોર્મશિયલ હેતુથી ત્રણ દુકાનો ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ જેને તા. ૧૦/૦૭/૨૦૦૮ના રોજ તોડી પાડવામાં આવેલ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૧૯૦૦ ચો.ફુટ થાય છે.જેના વહીવટી ચાર્જ પેટે રૂા. ૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

વરાછા ઝોનના પુણા સીમાડા રોડ પર ૮૦ ફુટના ટી.પી. રસ્તા પર આવેલ નકલંકપાર્ક સોસાયટી ગાળા નં. ૬૬ના પહેલા માળે મિલ્કતદારશ્રી બાબુભાઈ તરફથી ચણતર તથા કોલમો ઉભા કરી ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરવામાં આવેલ જેને તા.૧૦/૦૭/૨૦૦૮ ના રોજ તોડી પાડવામાં આવેલ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૧૧૦૦ ચો.ફુટ થાય છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૨૧ (સરથાણા–સીમાડા) માં નવા સમાવિષ્ટ વિસ્તારમાં બ્લોક નં. ૪૭, ફા. પ્લોટ નં. ૮૦ માં આવેલ સી. એચ. પાર્ક સોસાયટીના પ્લાન સુડા દ્વારા મંજુર કરવામાં આવેલ હતા. ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા–સીમાડા) મુજબ સી.એચ પાર્ક સોસાયટીના મંજુર પ્લાન માં દર્શાવેલ સી.ઓ.પી.માં ફા.પ્લોટ નં. ૧૦૯ (સેલ.ફોર.રેસી) નું રીઝર્વેશન મુકવામાં આવેલ છે. રીઝર્વેશનની જગ્યામાં ૬ ગાળાનું આશરે ૧૦૦ ફુટ×૩૬ ફુટ માપ વિસ્તારમાં લીન્ટલ લેવલ સુધીનું બાંધકામ શરૂ કરવામાં આવેલ, જે અન્વયે ઓર્ગેનાઈઝરને મનાઈ તથા શોકોઝ નોટિસ પાઠવવામાં આવેલ અને આ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનું શરૂ કરી આશરે ૩૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ દુર કરી રીઝર્વેશનની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ તેમજ સી.ઓ.પી.માં કરવામાં આવેલ આશરે ૫૦૦ ચો.ફુટ ચણતરની દિવાલોનું બાંધકામ દુર કરી સી.ઓ.પી.ની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાંધકામ ઈસ્ટ ઝોનના દબાણ ખાતાના સ્ટાફ તેમજ જે.બી.સી. મશીનની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં સઘન દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે તા.૧૪/૦૭/૨૦૦૮ના રોજ એલ.પી.સવાણી. સ્કુલ થી રેખાપાર્ક થઈ અડાજણ ગામ ચાર રસ્તા સુધી તથા ત્યાંથી આગળ અડાજણ પાટીયા તરફ જતાં અડાજણ મેઈન રોડ ઉપર દિપા કલમ્પ્લેક્ષ –રામશા ટાવર– ધબકાર સર્કલ થઈ ઋષભ ચાર રસ્તા સુધીના રસ્તા ઉપર સઘન દબાણ ઝુંબેશ હાથ ધરેલ. ખુબ  જ ટ્રાફિક અને ભારે અવરજવર વાળા આ રસ્તાઓ ઉપરથી નાની મોટી આશરે ૬૪ જેટલી લારી ગલલા ઓ દુર કરવામાં આવેલ છે.

વધુમાં એલ.પી.સવાણી. સ્કુલ રોડ થી રેખાપાર્ક સુધીના રસ્તા ઉપર ગુરૂકૃપા રો હાઉસ સામેનો હજીરા મેઈન રોડ ઉપર ખાનગી ટ્રાવેલ એજન્સીઓની લકઝરી બસો ગેરકાયદેસર રીતે પાર્ક કરી ભારે ટ્રાફીકની અવર જવર વાળા આ રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા ઉપસ્થિત કરતા હતાં. જે બસો માંથી બેસવાની સીટો જપ્ત કરી રૂા. ૧૬૦૦૦/– નો દંડ કરી વસુલ લેવામાં આવેલ છે.

ઉકત દબાણ દુર કરવાની કામગીરી મા. ઝોનલ ચીફશ્રી સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ, સીકયોરીટી સ્ટાફ, અન્ય ઝોનનો દબાણ સ્ટાફ તથા પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

# શહેર વિકાસ ખાતાની કામગીરી

શહેર સુરતનાં અડાજણ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૧ (અડાજણ) ફા. પ્લોટ નં. ૨૬, વાળી અડાજણ પાટીયા પાસે આવેલ ફીરદોશ ટાવરના નામે ઓળખાતી હાઈરાઈઝ બિલ્ડીંગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ પાર્કીંગવાળા ભાગમાં બાંધકામ થતું હોવાનું ધ્યાને આવતા જે ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) તથા વેસ્ટ ઝોન (રાંદેર) ના દબાણ સ્ટાફ મારફત દુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ. જે મુજબ ઉપરોકત મિલ્કતના '' એ '' તથા ''બી'' ટાવરની વચ્ચેની પાર્કીંગવાળી ઓપન જગ્યામાં દુકાન બનાવવાના ઈરાદાવાળુ આશરે ૨૪૦ ચો.ફુટમાપ વિસ્તારના ગ્રાઉન્ડ ફલોર ના સ્લેબનું તથા તે ભાગ સહિતના ગ્રાઉન્ડ ફલોરમાં આશરે ૪૦૦ ચો.ફૂટનું તથા બેન્મેન્ટમાં પાર્કિંગવાળા ભાગમાં આશરે ૩૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું મળી કુલ્લે ૪૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ચણતરની દિવાલોનું બાંધકામ દુર કરી સદર પાર્કીંગ ખુલ્લુ કરાવેલ છે. સદર કામગીરી પેટે, મિલ્કતના ડેવલપરશ્રી સોએબ ગાઉટે પાસેથી ડીમોલીશન ખર્ચ પેટે રૂા. ૧૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

ડે. કમિશનરશ્રી (જન) ની સૂચનાં તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના)નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૧૬/૦૭/૨૦૦૮ નાં રોજ નીચે મુજબનાં ડિમોલીશન કરેલ છે.

(૧) સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ પાંડેસરા ગામતળ સી.સ.નં.૧૪૮ તથા માં સા.ઝોન/આ.નં.૩૦, તા. ૧૯/૧૧/૧૯૯૯ થી લો. રાઈટ રહેઠાણ બિલ્ડીંગ નાંપ્લાન મંજુર કરવામાં આવેલ છે. અને સદર બિલ્ડીંગ શ્રીનાથ એપાર્ટમેન્ટ તરીકે ઓળખાય છે. અને સદર બાંધકામ દુર કરી પાર્કીંગ સ્પેસ ખુલ્લો કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા તા. ૦૨/૦૯/૨૦૦૪નાં રોજ મંજુર કરેલ સુડાનાં પુનરાવર્તિત વિકાસ યોજનામાં મોજે સોનારી બ્લોક નં. ૪૦,૪૧,૪૪ થી ૫૦,૫૨ થી ૫૭ વાળી જગ્યામાં સુડાનું પી–૮૨, Sewage treatment plant (SMC) નું રીઝર્વેશન મુકવામાં આવેલ છે. સદરહું જમીન પૈકી બ્લોક નં. ૪૦,૪૧ માં મારૂતિનગર નામે વર્ષો જુની કાચા/પાકા મકાનોની પશ્ચિમ તરફેની ખુલ્લી જગ્યામાં તાજેતરમાં લાકડાનાં પાટિયાની દિવાલો બનાવી નવી રૂમો બનાવવાનું ધ્યાને આવતા અંદાજે ૯ (નવ) રૂમોનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. –૨૧ (ભેસ્તાન) ,ફા. પ્લોટનં –૫૭ " ડીસ્ટ્રીક સેન્ટર " નાં રીઝર્વ પ્લોટમાં બાંધેલ લાકડાની કેબીન, લારી ગલ્લા તેમજ કમ્પાઉન્ડ વોલ તોડી આશરે ૪૦૦ ચો.ફુટ જેટલું દબાણ દુર કરવામાં આવેલ છે.

TOP